# Group Exercises during the Training

**કેસ સ્ટડી ૧:**

૭૫ વર્ષ વટાવી ચૂકેલા વૃદ્ધ બચુભાઈ કે જેમણે જીંદગીને માણી છે તેઓ આજે ખૂબ જ બેચેન જણાય છે. વૃદ્ધાવસ્થામાં પહોંચેલા આ ખેડૂત દવાઓના સથવારે જીવાય તેટલી જીંદગી જીવી લેવા માગે છે. હાલ તેઓની પાસે ૩૦ વીઘા જમીન છે. ગઈ કાલ સુધી દિવસની વીજળી મળતી હતી પરંતુ આજથી તેઓને ખેતી માટે રાત્રિની વીજળી મળી હતી કદાચ આ જ તેમની બેચેની / મૂંઝવણનું કારણ હતું. તેમણે આ બેચેની દૂર કરવા માટે એક માર્ગ કાઢ્યો જેમાં તેમણે પંપની સ્વીચ ચાલુ કરીને પાઈપને ખેતરમાં છોડી મૂકી અને નિરાંતે સૂઈ ગયા.

૧. આ પ્રકારની ખેતીમાં કઈ કઈ ખામીઓ / ત્રુટિઓ જણાય છે

૨. તમારી દ્દષ્ટ્રિએ ખેતી વિષયક વીજળીને કાર્યક્ષમ બનાવવા માટે શું શું કરી શકાય.

**કેસ સ્ટડી ૨:**

ગૌરીબેન એક આદર્શ ગૃહિણી છે. દીવાળીના તહેવારની તડામાર તૈયારીઓ થઈ રહી છે. ગૌરીબેને પોતાના ઘરની સજાવટ કરવા માટે જૂનો સામાન (પેપર પસ્તી, રમકડાં વિગેરે) પસ્તીવાળા માટે એક ખૂણામાં રાખી મૂક્યો છે. જ્યારે જૂના કપડાં, ચાદરો વિગેરેના ગોદડા બનાવી દીધા છે. ગૌરીબેને રાત્રે જાગીને પોતાની ઘરઘંટીમાં જરૂરી અનાજ દળી નાખ્યું છે જેનું એક માત્ર કારણ એ હતું કે બીજા દિવસે સવારે તેઓ તહેવારની વિવિધ મીઠાઈઓ તથા ફરસાણ (મઠીંયા, ચોરાફળી, સુંવાળી વિગેરે) બનાવી શકે. ઘરમાં બાળકોને દીવાળી વેકેશન હોવાથી આનંદ માણી રહ્યા છે. જ્યોતિ ટેલિવીઝન જોવામાં મશગૂલ થઈ ગઈ છે જ્યારે બાજુના ઓરડામાં દીપક કમ્પ્યુટર ગેમ રમી રહ્યો છે. ગૌરીબેનના પતિ તેમના શયનકક્ષમાં ગજાનંદ પોતાના લેપટોપમાં કાર્ડગેમ રમી રહ્યા છે.

ઉપરોક્ત કિસ્સાના આધારે કઈ કઈ પ્રવૃત્તિઓમાં ઊર્જાની બચત થઈ શકે તથા કઈ કઈ પ્રવૃત્તિઓમાં ઊર્જાનો વ્યય (બગાડ) થાય આ બન્નેની યાદી તૈયાર કરો.

**કેસ સ્ટડી ૩:**

સૂચિત વર્ણન દિલ્હીની એક બોયઝ હોસ્ટેલનું છે. આ હોસ્ટેલમાં ૫૦૦ વિદ્યાર્થીઓની રહેવાની ક્ષમતા (એક ઓરડામાં બે વિદ્યાર્થીઓ) છે. વર્ષ ૨૦૧૧-૧૨માં જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી દ્વારા કેટલાક નવા કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. જેના કારણે હોસ્ટેલમાં કુલ ૭૦૦ વિદ્યાર્થીઓ (કેટલાક ઓરડામાં ત્રણ વિદ્યાર્થીઓ) રહેવા લાગ્યા. આ પ્રકારની પરિસ્થિતિમાં કયા પ્રકારની સુવિધાઓ પૂરી પાડવી જોઈએ જેથી કરીને ઊર્જા બચાવી શકાય અને કાર્યક્ષમ ઊર્જાનો ઉપયોગ થઈ શકે.

સુવિધાઓ આ મુજબ છેઃ

- બાથરૂમમાં વોટર હીટર
- પીવાના પાણી માટે વોટર કુલર
- દિવસ દરમિયાન બે ભોજન અને ચા નાસ્તો
- લોન્ડ્રી સર્વિસ
- ઈન્ટરનેટ
- કોમન રૂમમાં મનોરંજનની સુવિધા

ઉપરોક્ત તમામ સુવિધાઓ વણી લેતા હોસ્ટેલમાં કાર્યક્ષમ ઊર્જાના ઉપયોગ અંગેનો વિગતવાર પ્લાન રજૂ કરો.